સંક્ષિપ્ત સમાચાર

ભરૂચ-દહેજ માર્ગ પર બસ ખાડામાં ઊતરી ગઈ

ભરૂચ: ભરૂચ-દહેજ માર્ગ પર આમદરા ગામ નજીક એક મોટી દુર્ઘટના ટળી છે. જોશી ટ્રાવેલ્સની બસ કંપનીના કર્મચારીઓને લઈને દહેજ તરફ જઈ રહી હતી, ત્યારે અચાનક ચાલકે બસનો કાબૂ ગુમાવતાં તે રોડની બાજુમાં ઊતરી ગઈ હતી. આ ઘટનાએ બસમાં બેઠેલા કર્મચારીઓમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જ્યો હતો. સદનસીબે બસમાં સવાર તમામ કર્મચારીઓએ તાત્કાલિક સલામત રીતે બસ બહાર નીકળી જવાનો સફળ પ્રયાસ કર્યો હતો. આ અકસ્માતમાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ ન હોવાથી મોટી દુર્ઘટના ટળી હોવાનું માનવામાં આવી રહ્યું છે. પ્રાથમિક તપાસમાં ચાલકની બેદરકારી સામે આવી શકે છે, જ્યારે સ્થાનિક પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

જંબુસરના કલક ગામની શાળામાં વૃક્ષ કટિંગ દરમિયાન નીચે પટકાયેલા મજૂરનું મોત

ભરૂચ: જંબુસરના કલક ગામમાં આવેલી પ્રાથમિક શાળાના પરિસરમાં આસોપાલવના વૃક્ષનું કટિંગ કરવા દરમિયાન 52 વર્ષીય મજૂર સનાભાઈ અંટોરભાઈ રાઠોડનું અચાનક જમીન પર પટકાતાં મોત નીપજ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ, શાળામાં વૃક્ષ કટિંગનું કામ ચાલી રહ્યું હતું. તે દરમિયાન સનાભાઈ રાઠોડ સંતુલન ગુમાવી બેસી ગયા અને જમીન પર ધડાકાભેર પટકાયા હતા. આ ઘટના બાદ તેમને તાત્કાલિક સારવાર માટે વડોદરાની SSG હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

ખોપી ગામે વન અધિકારની દાવા અરજી મુદ્દે વિવાદ

સાગબારા: સાગબારા તાલુકાના ખોપી ગામમાં વન વિભાગના કર્મચારીઓ અને સ્થાનિક આદિવાસી ખેડૂતો વચ્ચે તીખી બોલાચાલી અને ધક્કામુક્કી બાદ ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હતી. વર્ષ 2005થી ખેતી કરતા ખેડૂતોનો આક્ષેપ છે કે 'વન અધિકાર કાયદા-2006' (FRA) હેઠળ તેમની જમીન દાવાની અરજીઓ છેલ્લાં 8-10 વર્ષથી વિલંબિત હોવા છતાં વન વિભાગ 'અતિક્રમણ' ના નામે સતામણી કરી રહ્યો છે. બુધવારે વન વિભાગની ટીમ દ્વારા કામગીરીમાં દખલ કરાતાં મામલો બિચક્યો હતો, પરંતુ પોલીસે સમયસર પહોંચી સ્થિતિ કાબૂમાં લીધી હતી. આદિવાસી સંગઠનોના સમર્થન સાથે ખેડૂતોએ ચેતવણી આપી છે કે અરજીઓનો ઝડપી નિકાલ ન થાય ત્યાં સુધી લડત ચાલુ રહેશે. ખેડૂતોનું એક પ્રતિનિધિમંડળ ગુરુવારે આ અંગે કલેક્ટરને મળીને રજૂઆત કરશે.

અરેઠ તાલુકાના નોગામા ગામે કાર અને બાઈક અથડાતાં બે ઘાયલ

હિતેશ પટેલ

માંડવી: અરેઠના નોગામા ગામની સીમમાં આવેલા એક વળાંક પાસે કાર નં.(GJ-05-CL-8744) અને બાઈક નં.(GJ-19-BH-2177) વચ્ચે સામસામે જોરદાર ટક્કર થઈ હતી. જેથી બાઈક પર સવાર બંને યુવાનો માર્ગ પર ફંગોળાતાં ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત યુવાનોને બારડોલીની સરદાર હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે, કે આ માર્ગ પર અગાઉ પણ અહીં સર્જાયેલા અકસ્માતોમાં ત્રણ યુવાનોએ જીવ ગુમાવ્યો છે.

થવા કોલેજના વિદ્યાર્થીઓની સ્કોલરશિપ મુદ્દે મદદનીશ આદિજાતિ કમિશનરને રજૂઆત

પ્રદીપ ગુર્જર

નેત્રંગ: નેત્રંગ-ડેડિયાપાડા રોડ પર આવેલી થવા કોલેજના બી.એડ.ના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૨૫-૨૬ની બાકી શિષ્યવૃત્તિ તાકીદે ચૂકવવાની માંગ સાથે ભરૂચ ખાતે મદદનીશ આદિજાતિ કમિશનરને લેખિત રજૂઆત કરી છે. વિદ્યાર્થીઓએ આવેદનપત્રમાં જણાવ્યું કે, ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ભરેલા ફોર્મ કોલેજ અને જિલ્લા કક્ષાએથી મંજૂર થઈ ગયા હોવા છતાં, લાંબા સમયથી સ્ટેટસ 'પેન્ડિંગ' કે 'અન્ડર પ્રોસેસ' બતાવે છે અને ખાતામાં રકમ જમા થઈ નથી. ગરીબ અને મધ્યમ વર્ગના આ વિદ્યાર્થીઓએ ઉછીનાં નાણાં લાવીને મોંઘી ફી ભરી હોવાથી, શિષ્યવૃત્તિમાં વિલંબને કારણે આગામી સત્રની ફી અને અન્ય શૈક્ષણિક ખર્ચ પહોંચી વળવામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. કોઈ ટેકનિકલ ખામી કે દસ્તાવેજોની ખામીના ઝડપી નિકાલ માટે સમાજ કલ્યાણ અને આદિજાતિ વિભાગ દ્વારા સંયુક્ત કેમ્પ યોજવામાં આવે અને વહેલી તકે સ્કોલરશિપની રકમ ખાતામાં જમા કરવામાં આવે.

સાગબારાના જંગલ જમીન વિવાદમાં ભાજપ મહિલા ઉપપ્રમુખ લીલાબેનનું રાજીનામું

સાગબારા: સાગબારા તાલુકામાં જંગલ જમીનને લઈ ઊભી થયેલી કટોકટી હવે રાજકીય રૂપ ધારણ કરી રહી છે. નર્મદા જિલ્લા ભાજપ મહિલા સંગઠનનાં ઉપપ્રમુખ પદેથી લીલાબેન વસાવાએ અચાનક રાજીનામું આપતાં જિલ્લાભરમાં હલચલ મચી ગઈ છે. નર્મદા જિલ્લો ગુજરાતના રાજકારણનું એપી સેન્ટર માનવામાં આવે છે, અને હાલમાં ખોપી ગામે જંગલ જમીનના મુદ્દે વર્ષોથી ખેતી કરતા ખેડૂતો અને વહીવટી તંત્ર વચ્ચે તણાવ વધ્યો છે. આ તણાવ વચ્ચે લીલાબેન વસાવાના રાજીનાથી રાજકીય સમીકરણો પ્રવાહી બન્યાં છે. ખોપી ગામે લીલાબેન વસાવાએ જણાવ્યું કે, અમે સાગબારાના ખોપી ગામ સહિત 280થી વધુ જંગલ જમીનો પર દાયકાઓથી ખેતી કરતા ખેડૂતોના હિતમાં ઊભા છીએ. પરંતુ ખેડૂતોની સમસ્યાઓને લઈને પાર્ટીના આગેવાનો અને હોદ્દેદારો પાસેથી અમને અપેક્ષિત સહકાર ન મળ્યો. તેથી મંગળવારે અમે અમારા હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે વધુમાં ઉમેર્યું, ઉમરપાડા સહિત અન્ય તાલુકાઓમાં ખેડૂતો જંગલ જમીન પર ખેતી કરી શકે છે, જ્યારે સાગબારા તાલુકાના ખેડૂતોને છેલ્લા એક વર્ષથી ખેતી કરવા દેવામાં આવતી નથી. આ મુદ્દે કોઈ સાંભળતું ન હોવાથી રાજીનામું આપવા સિવાય મારી પાસે વિકલ્પ ન હતો. ખોપી સહિતના આસપાસનાં ગામોના ખેડૂતો સાથે મળીને તેઓ જંગલ જમીનના પ્રશ્ને એકજૂટ થઈને સંઘર્ષ કરશે. અમે ખેડૂતોના ન્યાય માટે લડતા રહીશું, પદ કે પટ્ટો મહત્ત્વનો નથી.

આમલાખાડી નજીક ડાયવર્ઝન ધોવાતાં 50 ગામનો સંપર્ક તૂટ્યો

ભરૂચના 7 તાલુકામાં ભારે વરસાદ, નેત્રંગમાં 4 ઈંચ અને વાગરામાં 3 ઈંચ પાણી પડ્યું

ભરૂચ: ભરૂચ જિલ્લામાં મંગળવારે રેડ એલર્ટ બાદ મોડી રાત્રે ભારે વરસાદ ખાબક્યો હતો. જો કે, બુધવારે વરસાદની ગતિ ધીમી પડી હતી. છેલ્લા ૨૪ કલાકમાં જિલ્લાના ૯માંથી ૭ તાલુકાઓમાં ધોધમાર વરસાદ નોંધાયો હતો, જેમાં સૌથી વધુ નેત્રંગમાં ૪ ઈંચ, વાગરામાં ૩ ઈંચ, ઝઘડિયામાં પોણા ૩ ઈંચ તેમજ અંકલેશ્વર, હાંસોટ અને વાલિયામાં સવા બે ઈંચ વરસાદ પડ્યો હતો.

આ ભારે વરસાદના કારણે જિલ્લામાં વ્યાપક નુકસાની થઈ છે. સૌથી ગંભીર સ્થિતિ અંકલેશ્વર-હાંસોટ રોડ પર આવેલી આમલાખાડી પાસે સર્જાઈ છે, જ્યાં ડાયવર્ઝન ધોવાઈ જતાં આશરે ૫૦ ગામોનો સંપર્ક સંપૂર્ણપણે તૂટી ગયો છે. સ્થાનિક લોકો આ માટે તંત્રની બેદરકારીને જવાબદાર ઠેરવી રહ્યા છે. વહીવટી તંત્ર દ્વારા આ માર્ગને ૯ નવેમ્બર સુધી બંધ રાખવાનું જાહેરનામું બહાર પાડીને આગામી ૪ મહિના માટે વૈકલ્પિક માર્ગની વ્યવસ્થા કરવામાં આવી છે.

બીજી તરફ, વાલિયા તાલુકામાં પણ રાજપરા-રૂંધા નવા બનતા બ્રિજનું ડાયવર્ઝન સંપૂર્ણ ધોવાઈ ગયું છે, જ્યારે દેસાડથી સોડગામ રોડ પર કીમ નદી કિનારે બ્રિજનું ડાયવર્ઝન અંશતઃ ધોવાયું છે. જો કે, તંત્રે અહીં તાત્કાલિક સમારકામ શરૂ કરી દીધું છે. ભરૂચ શહેરમાં નીલકંઠ નગર, સંતોષી વસાહત અને કલેક્ટર કચેરી વિસ્તારમાં ભારે પવનથી વૃક્ષો ધરાશાયી થતાં તંત્રએ તેને તાકીદે દૂર કર્યાં હતાં. ચોમાસામાં જોખમી સાબિત થઈ શકે તેવા હોર્ડિંગ્સ અને અસુરક્ષિત માળખાઓ દૂર કરવાની કામગીરી પણ યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે.

કંટિયાળજાળ ગામ જળબંબોળ આરોગ્ય કેન્દ્રમાં પાણી ઘૂસ્યા

ભરૂચ: હાંસોટ પંથકમાં મુશળધાર વરસાદથી દરિયા કાંઠાના કંટિયાળજાળ ગામમાં જળબંબોળની સ્થિતિ સર્જાઈ છે. રાઠોડવાસ સહિતના નીચાણવાળા વિસ્તારો અને ઘરોમાં પાણી ઘૂસી જતાં મોટું નુકસાન થયું છે અને લોકોને સ્થળાંતર કરવું પડ્યું છે. ચિંતાજનક રીતે, ગામનું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) પણ પાણીમાં ગરકાવ થતાં તબીબી સેવાઓ ખોરવાઈ ગઈ છે. સ્થાનિકોએ તાત્કાલિક પાણીના નિકાલ, પંપ સેટ અને રાહત સામગ્રી પૂરી પાડવા તંત્ર પાસે માંગ કરી છે. તંત્રએ કલેક્ટરના નિર્દેશથી બચાવ કામગીરી શરૂ હોવાનો દાવો કર્યો છે, પરંતુ ગ્રામજનોમાં તંત્રની ઢીલી કામગીરી સામે ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

આમલાખાડી પાસે 9 નવેમ્બર સુધી વાહન વ્યવહાર બંધ

અંકલેશ્વર: અંકલેશ્વર-હાંસોટ-કદરામા રોડ (એનએચ -64) પર કડકીયા કોલેજ નજીક આવેલી આમલાખાડી ઉપરના જર્જરીત જૂના બ્રિજને તોડી નવા બ્રિજના નિર્માણની કામગીરી ચાલી રહી હોવાથી આ માર્ગ પર તમામ પ્રકારના વાહનોની અવરજવર આગામી 9 નવેમ્બર,૨૦૨૬ સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભારે વરસાદ દરમિયાન આમલાખાડી ઓવરટોપિંગ થતી હોવાથી સલામતીના હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવાયું છે.

જાહેરનામા મુજબ અંકલેશ્વરથી હાંસોટ જતા વાહનોને આંબોલી-બોઈદ્રા રોડ મારફતે હાંસોટ તરફ ડાયવર્ટ કરવામાં આવશે. તેવી જ રીતે હાંસોટથી અંકલેશ્વર તરફ આવતા વાહનોને પણ આંબોલી-બોઈદ્રા રોડ પરથી પસાર થવા સૂચના આપવામાં આવી છે.

રાજપારડીમાં પૂરનો કહેર

ભરૂચ: ઝઘડિયાના રાજપારડીમાં ઉપરવાસના ભારે વરસાદને કારણે ભૂંડવા ખાડીમાં ઘોડાપૂર આવતાં રાજપારડી-અવિધા માર્ગ બંધ કરવો પડ્યો હતો. નિર્માણાધીન પુલ પાસે પાણી ફરી વળતાં 3 ટ્રેક્ટર, ઇકો કાર અને મશીનરી ડૂબી ગયાં હતાં. ધસમસતા પ્રવાહમાં ફસાયેલા શ્રમિકોને રાજપારડી પોલીસના કોન્સ્ટેબલ કિશનભાઈ વસાવાએ જીવ જોખમે બહાર કાઢ્યા હતા.

સાગબારા નજીક ચોપડવાવ પુલની સ્થિતિ દયનીય બની

સાગબારા: રાષ્ટ્રીય ધોરીમાર્ગ-753 (બી) પર સાગબારા નજીક આવેલો ચોપડવાવ પુલ અત્યંત બિસમાર હાલતમાં ફેરવાઈ ગયો છે. છેલ્લા ચાર મહિનાથી પુલના એક છેડે ૧૦ ફૂટ ઊંડું ગાબડું હતું, જેમાં હવે ભારે વરસાદને કારણે પુલના ચારેય ખૂણા ધોવાઈ જતાં મોટા ખાડા પડી ગયા છે. નેશનલ હાઈવે ઓથોરિટીએ કાયમી સમારકામ કરવાને બદલે માત્ર બેરિકેટ્સ મૂકીને સંતોષ માન્યો છે. તેના લીધે રસ્તો સાંકડો બન્યો છે અને રાત્રે કે વરસાદમાં આ બેરિકેટ્સ ન દેખાવાના કારણે અકસ્માતનું જોખમ વધ્યું છે. સ્થાનિકોની વારંવારની રજૂઆત છતાં તંત્ર નિષ્ક્રિય છે. કોઈ મોટી જાનહાનિ થાય તે પહેલાં વહીવટી તંત્ર તાત્કાલિક પુલનું સમારકામ હાથ ધરે તેવી લોક માંગ ઊઠી છે.

ભરૂચ સ્ટેશને ટ્રેન રદ થતાં મુસાફરો અટવાયા

RPFએ પાણી ભરાયેલા પ્લેટફોર્મ પર મુસાફરોને ઉતારી દીધાના આક્ષેપ

ભરૂચ: દેશભરમાં ભારે વરસાદને કારણે રેલ સેવાઓ ખોરવાઈ છે. ઝાંસીથી મુંબઈ જઈ રહેલી એક ટ્રેન 6 જુલાઈએ ટ્રેક પર પાણી ભરાવાને લીધે ભરૂચ સ્ટેશને રોકી દેવાઈ હતી અને બાદમાં રદ કરાઈ હતી.

અહીં 12 કલાકથી વધુ સમય સુધી ફસાયેલી એક મહિલા મુસાફરે સોશિયલ મીડિયા પર વિડીયો શેર કરી રેલવે સ્ટાફની બેદરકારી સામે ગંભીર આક્ષેપો કર્યા છે.

મહિલાના જણાવ્યા મુજબ કલાકો સુધી ટ્રેનમાં વીજળી, એસી કે ચાર્જિંગ પોઈન્ટ ચાલુ નહોતા. ત્યારબાદ આરપીએફ સ્ટાફે પાણીથી ભરાયેલા પ્લેટફોર્મ પર મુસાફરોને બળજબરીથી ઉતારી દીધા હતા. રેલવે તરફથી કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કે હેલ્પલાઈન સપોર્ટ મળ્યો નહોતો. સ્ટેશન માસ્ટરને વીજળી ચાલુ રાખવા વિનંતી કરવા છતાં, સ્ટાફે ટ્રેનની લાઈટ્સ બંધ કરી મહિલાઓ અને બાળકો સહિત તમામને કોચની બહાર કાઢી મૂક્યાં હતાં. આ ઘટનાથી સોશિયલ મીડિયા પર રેલવે તંત્રની અસંવેદનશીલતા સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

અંકલેશ્વરમાં કાદવમાંથી અંતિમયાત્રા નીકળી!

પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વરના સુરતી ભાગોળ વિસ્તારમાં વહીવટી તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. સમગ્ર વિસ્તારના માર્ગો કાદવ-કીચડ અને ગંદકીથી ખદબદી રહ્યા છે. પરિણામે રાહદારીઓ, વૃદ્ધો અને શાળાએ જતાં બાળકો ભારે હાલાકી ભોગવી રહ્યાં છે. તંત્રની નિષ્ક્રિયતાએ હદ ત્યારે વટાવી જ્યારે તાજેતરમાં એક અંતિમયાત્રાને પણ આ અસહ્ય કાદવ અને ગંદકી વચ્ચેથી પસાર થવાની ફરજ પડી હતી. આ દૃશ્યોએ સ્થાનિકોમાં ભારે આક્રોશ જગાવ્યો છે.

સ્થાનિકોના આક્ષેપ મુજબ આ માર્ગ જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ હેઠળ આવે છે. રસ્તાના સમારકામ અને ડ્રેનેજની યોગ્ય વ્યવસ્થા માટે વારંવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરવા છતાં પોકળ આશ્વાસનો જ આપી રહ્યા છે. જો કાયમી નિરાકરણ તાત્કાલિક નહીં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર જનઆંદોલન કરવામાં આવશે.

સંક્ષિપ્ત સમાચાર

નાના બોરસરામાં નશામાં ધૂત ટેમ્પો ચાલકે ડિવાઈડર કુદાવી 6 વાહનને અડફેટે લીધાં

હથોડા: નાના બોરસરા ગામની સીમમાં નેશનલ હાઈવે નંબર-૪૮ પર બપોરે અમદાવાદથી મુંબઈ તરફ જઈ રહેલા એક આઈસર ટેમ્પો નં.(GJ-38-T-4958)ના ચાલક સંદીપકુમાર રામજી યાદવે દારૂ અથવા કોઈ કેફી પીણું પીધેલી હાલતમાં વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો. ફૂલ સ્પીડે જતી આઈસર ગાડી અચાનક ડિવાઈડર કુદાવીને સામેની સાઈડ મુંબઈથી અમદાવાદ તરફ જતા રોડ પર આવી ગઈ હતી. ચાલકે ત્યાંથી પસાર થઈ રહેલા સિમેન્ટ મિક્સર ટ્રક નં.(KA-41-D-7220)ને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આટલેથી ન અટકતાં બેકાબૂ ટેમ્પો રોડ કિનારે આવેલી 'ગોલ્ડી સોલાર' કંપનીનો દરવાજો તોડી અંદર ઘૂસી ગયો હતો. આ અકસ્માતમાં કંપનીમાં કામ કરતા ૨૩ વર્ષીય યુવક સમરજીત શુભકરનને ગંભીર ઈજા થઈ હતી. ઉપરાંત કંપનીના કમ્પાઉન્ડમાં પાર્ક કરેલી ફ્રોન્સ, 3XO, સિયાઝ, બ્રેઝા, આઈટેન (i10) અને સ્પ્રેશો જેવી કુલ ૬ મોંઘીદાટ કારોને ટેમ્પોએ અડફેટે લેતાં ભારે નુકસાન થયું હતું. અકસ્માતમાં આઈસરની કેબિનનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને ચાલકને પણ ઈજા થઈ હતી. ડ્રાઈવિંગ કરતા અશોક રામનરેશની ફરિયાદના આધારે કોસંબા પોલીસ વધુ તપાસ હાથ ધરી રહી છે.

ભૂવાસણ ગામમાં નિયમોને નેવે મૂકનારી ફેક્ટરી સામે ગ્રામજનોમાં રોષ

બારડોલી: બારડોલીના ભૂવાસણ ગામની સીમમાં તરભોણ પાટિયા પર આવેલી સ્કાય વિન ફેક્ટરીના સંચાલકોએ વહીવટી તંત્રના અધિકારીઓ સાથે ગેરવર્તણૂક હાલ ભારે ચર્ચાનો વિષય બની છે. કહે છે કે, પાણીના નિકાલની સમસ્યાનું નિરાકરણ લાવવા માટે પહોંચેલા સરકારી કાફલાને ફેક્ટરીના ગેટ પર જ અટકાવી સંચાલકોએ જાહેરમાં અપમાનિત કર્યા હતા. ભૂવાસણ ગામની સીમમાં માર્ગ પર પાણી ભરાઈ જવાથી વાહનચાલકો અને રાહદારીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. આ ગંભીર સ્થિતિની ગંભીરતા સમજી બારડોલી તાલુકા પંચાયતના ઉપપ્રમુખ હેમંતસિંહ બારડ, માર્ગ-મકાન વિભાગના અધિકારીઓ અને મામલતદાર કચેરીના સ્ટાફ સાથે સ્થળ પર પહોંચ્યા હતા. પરંતુ ફેક્ટરી માલિકે પ્રવેશદ્વાર પર જ અટકાવી દેતાં ગ્રામજનો વિફર્યા હતા. વિવાદ વકરતાં બારડોલી પ્રાંત અધિકારી અને મામલતદાર સ્થળ પર દોડી આવ્યા હતા. વહીવટી તંત્રની આકરી કાર્યવાહીમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા જે.સી.બી. મંગાવી ફેક્ટરીની આસપાસ કરવામાં આવેલાં ગેરકાયદે બાંધકામો અને દબાણોને તોડી પાડવામાં આવ્યાં હતાં.

કામરેજના પરબ ગામમાં યુવકનું મોત

કામરેજ: મુળ ઓરિસ્સાના કાંચપાડા અને હાલ કામરેજના પરબ ગામે શિવ ઈકો ઈન્ડસ્ટ્રિઝ વિભાગ-11માં પ્લોટ નં.21 શ્રી કર્ક સિલ્કના ખાતામાં કામ કરતો અને ત્યાં જ રૂમમાં રહેતો 34 વર્ષીય પરશુરામ કમલાકાંત અગસ્થી જેઓ બે દિવસ અગાઉ રાત્રિના જમવાનું બનાવતાં અચાનક પગ લપસી જતાં ઈલેક્ટ્રિક સગડી પર પડી જતાં સગડીની ઉપરનો કાચ તૂટીને છાતીના ભાગે ગંભીર ઈજા પહોંચતાં સારવાર માટે સુરત સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન મંગળવારે મોત થયું હતું.

દહેજ એક્સપ્રેસ-વે પરથી SM કેમિકલની ચોરી

ભરૂચ: ભરૂચ LCB પોલીસે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર દહેગામ એક્ઝિટ પાસે રેઈડ પાડીને સ્ટાયરીન (SM) જેવા જોખમી કેમિકલની ચોરીનું મોટું રેકેટ ઝડપી પાડ્યું છે. પોલીસે આ કાર્યવાહીમાં રૂ.૧.૦૮ કરોડથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે, જેમાં બે ટેન્કર (GJ-03-BY-5267 અને GJ-03-BY-5198), એક પિકઅપ વાહન (GJ-16-AY-2086) અને ૬૩૦ લિટર કેમિકલ (૧૮ કેરબા) સામેલ છે. પોલીસે ઘટના સ્થળેથી ઉત્તર પ્રદેશના બે ટેન્કર ડ્રાઈવર સોહીમ અને સમીરની ધરપકડ કરી છે. પૂછપરછમાં સામે આવ્યું કે આ કેમિકલ સુરતના હજીરાથી ભરીને દહેજની BASF કંપનીમાં લઈ જવાતું હતું. રસ્તામાં પાલેજના મુખ્ય સૂત્રધાર સમીર ઉર્ફે સત્તાર દિવાન અને તેના સાથીદારો સાથે મળી ટેન્કરના વાલ્વ ઢીલા કરી કેમિકલ ચોરવામાં આવી રહ્યું હતું. પ્રત્યેક કેરબા દીઠ રૂ.૨,૦૦૦ નક્કી કરાયા હતા. આ મામલે ભરૂચ તાલુકા પોલીસે મુખ્ય સૂત્રધાર સત્તાર, ભગત અને સરતાજ નામના ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધી તેમને વોન્ટેડ જાહેર કર્યા છે.

જીઆરપી લિમિટેડ

CIN: L25191GJ1974PLC002555

નોંધાયેલી ઓફિસ: પ્લોટ નં. ૮, જીઆઈડીસી એસ્ટેટ, અંકલેશ્વર-૩૯૩ ૦૦૨, જી. ભરૂચ, ગુજરાત, ભારત.
ફોન નં.: ૦૨૬૪૬ ૨૫૦૪૭૧ / વેબસાઇટ: www.grpweb.com / ઇમેઇલ આઇડી: investor.relations@grpweb.com

શેરધારકોને સૂચના

કંપનીના ઇક્વિટી શેર ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF)માં ટ્રાન્સફર કરવા બાબત

આથી શેરધારકોને જાણ કરવામાં આવે છે કે કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૨૪(૬)ની જોગવાઈઓ અને તે સાથે વંચાણમાં લેતા ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરિટી (એકાઉન્ટિંગ ઓડિટ, ટ્રાન્સફર અને રિફંડ) રૂલ્સ, ૨૦૧૬ ("નિયમો")ના સુધારા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે જાહેર કરાયેલ ડિવિડન્ડ, જે સાત વર્ષના સમયગાળા માટે દાવો કર્યા વગરનું રહ્યું છે, તેને ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ પછી IEPFમાં જમા કરવામાં આવશે. સંબંધિત શેર કે જેના પર સતત ૭ (સાત) વર્ષ સુધી ડિવિડન્ડ ચૂકવાયું નથી અથવા દાવો કરવામાં આવ્યો નથી, તેને પણ નિયમોમાં નિર્ધારિત પ્રક્રિયા અનુસાર ટ્રાન્સફર કરવામાં આવશે.

નિયમોના પાલન સ્વરૂપે, એવા તમામ સંબંધિત શેરધારકોને વ્યક્તિગત સૂચનાઓ મોકલવામાં આવી રહી છે જેમના શેર ઉપરોક્ત નિયમો અનુસાર IEPFમાં ટ્રાન્સફર થવા પાત્ર છે. આવા શેરધારકોની સંપૂર્ણ વિગતો કંપનીની વેબસાઇટ https://www.groweb.com/investors પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ સંદર્ભમાં, કૃપા કરીને નીચેની બાબતોની નોંધ લેશો:

૧) જો તમારી પાસે ભૌતિક સ્વરૂપમાં શેર હોય: ડુપ્લિકેટ શેર પ્રમાણપત્ર(ઓ) જારી કરવામાં આવશે અને IEPFમાં ટ્રાન્સફર કરવામાં આવશે. તમારા નામે નોંધાયેલ અને તમારી પાસે રહેલા મૂળ શેર પ્રમાણપત્ર(ઓ) આપોઆપ રદ ગણાશે.

૨) જો તમારી પાસે ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં શેર હોય: IEPFમાં ટ્રાન્સફર થવા પાત્ર શેર માટે તમારા ડીમેટ ખાતામાંથી શેર ઉધાર (debited) કરવામાં આવશે.

જો ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં માન્ય દાવો પ્રાપ્ત નહીં થાય, તો કંપની કોઈપણ વધુ સૂચના આપ્યા વિના જવાબદાર ડિવિડન્ડ અને ઇક્વિટી શેર IEPF ઓથોરિટીની તરફેણમાં ટ્રાન્સફર કરવાની કાર્યવાહી કરશે. કૃપા કરીને નોંધો કે ઉક્ત નિયમો અનુસાર IEPFમાં ટ્રાન્સફર કરાયેલ અનામત ડિવિડન્ડની રકમ અને શેરના સંદર્ભમાં કંપની સામે કોઈ દાવો કરી શકાશે નહીં. એ વાતની નોંધ લેવી કે સંબંધિત શેરધારકો નિયત ફોર્મ IEPF-5 માં ઓનલાઈન અરજી કરીને અને ફોર્મ IEPF-5માં દર્શાવેલા જરૂરી દસ્તાવેજોની ભૌતિક નકલ કંપનીના નોડલ ઓફિસરને મોકલીને IEPF ઓથોરિટી પાસેથી શેર અને ડિવિડન્ડનો દાવો કરી શકે છે.

ઉપરોક્ત બાબતે કોઈપણ પ્રશ્નો માટે, શેરધારકોને વિનંતી છે કે તેઓ કંપનીને investor.relations@grpweb.com પર લખે અથવા કંપનીના રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ, MUFG ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ (C-101, 247 પાર્ક, એલબીએસ રોડ, વિક્રોલી વેસ્ટ, મુંબઈ-400083, ઇમેઇલ: rnt.helpdesk@in.mpms.mufg.com, ફોન નં.: +91-22-49186000 (એક્સ્ટેંશન: 2365)નો સંપર્ક કરે.

જીઆરપી લિમિટેડ વતી,
સહી/-
હર્ષ આર. ગાંધી
મેનેજિંગ ડિરેક્ટર
(DIN નં. 00133091)

સ્થળ: મુંબઈ
તારીખ: ૮ જુલાઈ, ૨૦૨૬

જાહેર નોટીસ

ડીસ્ટ્રીક્ટ,સુરત,સબ-ડી.તાલુકા માંગરોળ ના મોજે-ગામ હથોડાની સીમના..

ખાતા નં.	બ્લોક નં.	સર્વે નં.	ક્ષેત્રફળ	આકર
૩૫૯	૧૮૭	૨૩૦	૦-૨૨-૫૯	૩.૬૯

ઉપરોક્ત ખેતીની જમીન જે રેવન્યુ દફતરે ૧.રહીમાબીબી સોકતભાઈ સરદાર, ૨.રાસેદા તે ઐયુબ પઠાનની પત્ની અને સોકતભાઈ સરદારની દિકરી, ૩.તાહેરા તે મકસુદ હામદની પત્ની અને સોકત સરદારની દિકરી,૪.મહમદસોએબ સોકતઅલી સરદાર, ૫.નિઝામુદીન સોકત સરદાર,ના સંયુક્ત નામે ચાલી આવેલ છે.જેઓએ હમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે. આથી સદર મીલકત પર અન્ય કોઈ નાણાકિય સંસ્થા કે અન્ય કોઈપણ શખ્સ, સંસ્થા કે અન્ય કોઈના કોઈપણ પ્રકારના હક્ક, હિત, હિસ્સો, સંબંધ અધિકાર, ચાર્જ બોજા, લિયન, દર-દાવો કે કોઈપણ જાતનો વાંધો, હરકત હોય તો તેણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન ૭ માં અમોને દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં જાણ કરવી જો તેમ કરવામાં કસુર થયેથી આ નોટીસની મૃદત વિત્યે કોઇપણ બેંક, નાણાકિય સંસ્થા, વ્યકિત કે સંસ્થાના કોઈ પ્રકારે હક્ક, હિસ્સો, હિત સંબંધ અધિકાર ચાર્જ, બોજો, લિયન, દર-દાવો કે કોઈપણ જાતનો વાંધો હરકત નથી અને હોય તો તે જતા કર્યા છે. યાને વેવ કરેલ છે. તેમ માની અમારા અસીલો સદર જમીન મીલકતનો નક્કી થયેલ સમય મર્યાદામાં સદર જમીન મીલકતનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. અને પાછળથી કોઇની કોઈપણ પ્રકારે તર-તકરાર, દાવો, ફરીયાદ ચાલશે નહિ. જેની લાગતા વળગતા જાહેર જન્તાએ નોંધ લેવી. તારીખ:- ૦૭/૦૭/૨૦૨૬

Mohmad Nazim I.Pathan, Advocate
Office: NANI NAROLI. Near Bus Stop,
Ta:- MANGROL Dist :- SURAT. Mo-No-9913732838

Milano MULTIPLEX

બારડોલી

Alpha
10:00am, 12:00pm, 03:00pm, 07:10pm, 09:00pm, 10:00pm

Minions & Monsters
02:00pm, 05:00pm

Welcome To The Jungle
10:50am, 12:50pm, 04:00pm, 05:45pm, 09:30pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333

મહે. કઠોરના એડી. જયુ. મેજી. ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં

ફો.પ.અ.નં.૧૧૭૫/૨૦૨૬
ઠરાવ તા.૦૮/૦૮/૨૦૨૬
અરજદારના વકીલશ્રી અનીષા આર પિંજારા

અરજદાર : સમીરાબેન ફારૂકભાઈ મુલતાની, ઉં. આ. વ.૨૨, ધંધો. અભ્યાસ, રહે. સ્ટેશન ફળીયુ, મોજે ગામ વાંકલ, તા. માંગરોલ, જી. સુરત

સામાવાળા:- તલાટી કમ મંત્રીશ્રી, ખોલવડ ગામ, તા. કામરેજ, જી. સુરત

આ કામના અરજદારે અત્રેની કોર્ટમાં પોતાના જન્મનાં પ્રમાણપત્રમાં કોલમ નં.૧ માં "સમીરાબેન ફારૂકભાઈ પિંજારા", કોલમ નં.૩ માં "ફરીદાબેન ફારૂકભાઈ પિંજારા", કોલમ નં. ૬ માં "ફારૂકભાઈ જીવાભાઈ પિંજારા" લખાયેલ છે તેના સ્થાને કોલમ નં.૧ માં "સમીરાબેન ફારૂકભાઈ મુલતાની", કોલમ નં.૩ માં "ફરીદાબેન ફારૂકભાઈ મુલતાની", કોલમ નં. ૬ માં "ફારૂકભાઈ જીવાભાઈ મુલતાની" મુજબનો સુધારો કરવા માટેની અરજી કરી છે. જેની મુદત તા. ૦૮/૦૮/૨૦૨૬ ના રોજની મુકરર કરવામાં આવેલી છે. આથી જો કોઈ વ્યક્તિને સદરહુ અરજી સામે કોઈપણ પ્રકારનો વાંધો, વિરોધ હોય તો પોતે અથવા વકીલ મારફત હાજર રહેવું, જો તેમ કરવામાં કસુર કરશો તો અરજદારની અરજી અંગે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા.૮ મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર — કોર્ટનો સિક્કો — મુકાબલ કરનાર — હુકમથી
શ્રી એસ.બી.બલદાણીયા, આસી. સીવીલ કોર્ટ કઠોર — શ્રીમતી વી. આર. ભટ્ટ, સુપ્રિ. સીવીલ કોર્ટ કઠોર — રજીસ્ટ્રાર. સીવીલ કોર્ટ કઠોર

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૯૭/૨૦૨૬
તા.૧૧/૦૫/૨૦૨૬

વાદી :- પ્રતાપભાઈ નારસિંગભાઈ ચૌધરી, રહે.અંત્રોલી, પારસી ફળિયું, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી અંત્રોલી ગ્રા.પં., તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી પ્રતાપભાઈ નારસિંગભાઈ ચૌધરી, રહે.અંત્રોલી, પારસી ફળિયું, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦એ તેઓના પોતે પ્રતાપભાઈ નારસિંગભાઈ ચૌધરીનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: પ્રતાપભાઈ નારસિંગભાઈ ચૌધરી ૨. જન્મ તારીખ: ૦૧/૦૫/૧૯૭૫ ૩. જન્મનું સ્થળ: મોજે.અંત્રોલી, તા.અરેઠ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે પ્રતાપભાઈ નારસિંગભાઈ ચૌધરીના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૬/૦૭/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો — હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૩૦૭/૨૦૨૬
તા.૦૮/૦૭/૨૦૨૬

વાદી :- ઐયુબ ઈસુફ ભૈડુ, રહે,મસ્જીદ ફળિયું, લુવારા, તા.માંગરોળ, જી.સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- ૧.મામલતદારશ્રી માંગરોળ, તા.માંગરોળ, જી.સુરત, ૨.જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી લુવારા ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૦૫

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ઐયુબ ઈસુફ ભૈડુ, રહે,મસ્જીદ ફળિયું, લુવારા, તા.માંગરોળ, જી.સુરતએ તેઓના પોતે ઐયુબ ઈસુફ ભૈડુનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ઐયુબ ઈસુફ ભૈડુ ૨. જન્મ તારીખ: ૦૨/૦૬/૧૯૫૭ ૩. જન્મનું સ્થળ: મોજે.લુવારા, તા.માંગરોળ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે ઐયુબ ઈસુફ ભૈડુના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૦/૦૯/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૮/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો — હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૯૮/૨૦૨૬
તા.૦૯/૦૩/૨૦૨૬

વાદી :- જ્યોત્સનાબેન તે ઠાકોરલાલ ગાંધીની પુત્રી તે પરેશકુમાર ગાંધીની પત્ની, રહે.એ-સહજાનંદ અપાર્ટમેન્ટ, ગણદેવી રોડ, બીલીમોરા, દેવસર, તા.ગણદેવી, જી.સુરત- ૩૯૬૩૮૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- (૧) મામલતદારશ્રી માંડવી, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૦ (૨) જન્મ મરણ સબરજીસ્ટ્રાર માંડવી નગરપાલિકા, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૬૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી જ્યોત્સનાબેન તે ઠાકોરલાલ ગાંધીની પુત્રી તે પરેશકુમાર ગાંધીની પત્ની, રહે.એ-સહજાનંદ અપાર્ટમેન્ટ, ગણદેવી રોડ, બીલીમોરા, દેવસર, તા.ગણદેવી, જી.સુરત-૩૯૬૩૮૦એ તેઓના પોતે જ્યોત્સનાબેન ઠાકોરલાલ ગાંધીનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: જ્યોત્સનાબેન ઠાકોરલાલ ગાંધી ૨. જન્મ તારીખ: ૦૧/૦૬/૧૯૫૮ ૩. જન્મનું સ્થળ: મોજે.માંડવી, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે જ્યોત્સનાબેન ઠાકોરલાલ ગાંધીના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૬/૦૪/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો — હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત